Club ID. 52203 | Charter Date 02-06-1999 | RI District 3060

UNITE FOR GOOD

RI District 3060 Rotary Surat East

Team Achievers

# ROTARY CLUB OF SURAT EAST

## MONTHLY BULLETIN -FEBRUARY 2026

FEB 2026

# Rotary Gatha

| RI PRESIDENT | DISTRICT GOVERNOR | PRESIDENT | SECRETARY | MONTH LEADER | BULLETIN CHAIR |
|---|---|---|---|---|---|
| RTN. FRANCESCO AREZZO | RTN. AMARDEEP SINGH BUNET | RTN. KIRIT VANKADI | RTN. HITESH VEKARIYA | RTN. JAYDIP GAJERA | RTN. VIPUL PANSURIYA |

**PRESIDENT**



RTN. KIRIT VANKADI

**SECRETARY**



RTN. HITESH VEKARIYA

**MONTH LEADER**



RTN. JAYDIP GAJERA

**BULLETIN CHAIR**



RTN. VIPUL PANSURIYA














01 પ્રેસીડેન્ટ સંદેશ

02 કપલ સ્પિકર મિટિંગ

03 શિક્ષક દેવો ભવ:

04 સેનેટરી પેડ્સ વિતરણ

05 સેનેટરી પેડ્સ વિતરણ

06 સેનેટરી પેડ્સ વિતરણ

07 હેલ્થ ચેકઅપ કેમ્પ

08 શિક્ષકદેવો ભવ:

09 ડિસ્ટ્રીકટ ગવર્નર OCV

10 બોર્ડ મિટીંગ

11 શિક્ષક દેવો ભવ:

12 બર્થ ડે સેલીબ્રેશન

13 રોટરી ફ્રેન્ડશીપ એક્ષ્ચેન્જ

14 સેક્રેટરી એનાઉન્સમેન્ટ

# 01 પ્રેસીડેન્ટ સંદેશ

નમસ્કાર રોટેરીયન મિત્રો, સૌ રોટેરીયન મેમ્બર્સ, બોર્ડ મેમ્બર્સના સહિયારા પ્રયાસોથી આપણે જાન્યુઆરી મહિનામાં સફળ પ્રોજેકટ કરી શકયા છીએ.
તે માટે આપ સૌ રોટેરીયન મિત્રોને અને વિશેષ મંથ લીડર રો. જયદિપ ગજેરા ને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.



તા. ૦૩/૦૨/૨૦૨૬ ના રોજ ડો. નરેશ ગાબાણી દ્વારા પેનક્રિયાઝ, લીવર, ગેસ્ટ્રોઈન્ટેસ્ટીગ રોબોટીક સર્જરી સાસુમાં ગુજરાતી થાલી, અઠવાગેટ, સુરત મુકામે સ્પીકર મીટનુ આયોજન કરેલ. ત્યારબાદ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ સાધના વિદ્યાભવન, સાધના સોસાયટી રોડ, વરાછા રોડ, સુરત મુકામે ૨૦૩ સેનેટરી પેડ્સ વિતરણ ધો.૯ થી ૧૨ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓમાં રાખવામાં આવેલ. ત્યારબાદ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ ડાયમંડ એસોસીએશન ગર્લ્સ હાઈ સ્કુલ, કાપોદ્રા, સુરત મુકામે ૫૧૦ સેનેટરી પેડ્સ વિતરણ ધો.૯ થી ૧૧ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓમાં રાખવામાં આવેલ. ત્યારબાદ તા. ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ ગવર્મેન્ટ સેકેન્ડરી એન્ડ હાઈ સેકેન્ડરી સ્કુલ, નનસાડ, કામરેજ, સુરત મુકામે ૨૭૪ સેનેટરી પેડ્સ વિતરણ ધો.૯ થી ૧૨ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓમાં રાખવામાં આવેલ. આ રી-યૂઝ કાપડના સેનેટરી પેડ્સ નુ સંપુર્ણ સૌજન્ય એસબીઆઈ બેંક સીએસઆર ગ્રાન્ટ માંથી કરવામાં આવેલ. ત્યારબાદ તા.૧૬/૦૨/૨૦૨૬ ના રોજ શેલ્બી હોસ્પીટલ, રાંદેર રોડ, સુરત મુકામે હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરેલ જેમાં બ્લડ સુગર, બ્લડ પ્રેશર, ઈસીજી ટેસ્ટ,આંખોની તપાસ વિગેરે ચેક અપ કેમ્પનુ માં ૧૩૦ મેમ્બરોએ લાભ લીધેલ તથા તા.૧૬/૦૨/૨૦૨૬ ના રોજ શેલ્બી હોસ્પીટલ, રાંદેર રોડ, સુરત મુકામે કપલ સ્પીકર મીટીંગનો આયોજન કરેલ. જેમાં ડો. મનીષ શૈની તથા ડો. કેમીલ કનૈયા દ્વારા લીવર એન્ડ ડાયગેસ્ટીવ હેલ્થ તથા જોઈન્ટ એન્ડ બોન હેલ્થ વિશે ખુબ સરસ સમજણ આપેલ. આ પ્રોજેકટ ઈનરવ્હીલ કલ્બ સુરત ઈસ્ટ અને રોટરેકટ કલબ ઓફ સુરત ઈસ્ટના સહીયારે કરેલ ત્યારબાદ તા. ૨૬/૦૨/૨૦૨૩ ના રોજ ૩૦૬૦ ના ડિસ્ટ્રીકટ ગવર્નર રો. અમરદીપસીંગ બુનેટ રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટની ઓફીસયલ વિઝીટ માટે આવેલ. આપણી કલબ દ્વારા બે અલગ અલગ હોસ્પીટલમાં ડાયલીસીસના મશીનો ચાલે છે ત્યાં ડીજીને વીઝીટ કરાવેલ અને ત્યારબાદ ડિસ્ટ્રીક્ટ ગવર્નર રો. અમરદીપસીંગ બુનેટ સાથે પ્રેસીડન્ટ રો.કીરીટ વાંકડી, સેક્રેટરી રો. હિતેશ વેકરીયા, પ્રેસીડન્ટ ઈલેક્ટ રો. પરેશ ગોંડલીયા તથા પ્રેસીડન્ટ નોમીની રો. વીણા પટેલ સાથે રૂબરૂ મીટીંગ કરેલ ત્યારબાદ રોટરી કબલ ઓફ સુરત ઈસ્ટના બોર્ડ મેમ્બરો  સાથે પણ બોર્ડ મીટીગનુ આયોજન કરેલ. ત્યારબાદ રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના તમામ મેમ્બરો સાથે ડીનર વીથ મીટીંગનું આયોજન કરેલ. આ ઉપરાંત ફેબ્રુઆરી માસમાં તા.૦૭/૦૨/૨૦૨૬ તથા તા.૨૧/૦૨/૨૦૨૬ તથા તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ શિક્ષક દેવો ભવઃ કાર્યક્રમમાં આપણે ત્રણ અલગ અલગ સ્કુલોમાં જઈને ત્રણ અલગ અલગ શિક્ષકોને સન્માનિત કરીને આપણી નવી પેઢીને તૈયાર કરનાર ગુરૂજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી તે આપણા માટે ગૌરવની વાત છે.

આગામી માર્ચ માસ સફળ થાય તે માટે મંથ લીડર રો. કલ્પેશ બલર તેમજ આપ સૌ રોટેરીયન મિત્રોને શુભકામના પાઠવું છુ અને માર્ચ મહિનામાં થતા પ્રોજેકટોમાં વધુમાં વધુ રોટેરીયન મિત્રો સમય, તન, મન અને ધન સહિત યોગદાન આપે એવી હું સૌને નમ્ર વિનંતી કરુ છું.

ભવિષ્યમાં સૌ રોટેરીયન મિત્રોના આવાને આવા સાથ અને સહકારથી રોટરીના ઉમદા અને સેવાકીય
કાર્યોની સુવાસ ઘર ઘર સુધી ફેલાવીએ એવી અપેક્ષા સહ...

આપનો સાથી... આપનો સાથી...


**રો. કિરીટ વાંકડી**

કલબ પ્રેસીડેન્ટ રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

# 02 કપલ સ્પીકર મીટીંગ

RI District 3060
Rotary
Club Of Surat East




રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા Couple Speaker Meet કાર્યક્રમનું સફળ આયોજન તા. ૦૩/૦૨/૨૦૨૬, મંગળવાર ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સાસુમાં ગુજરાતી થાળી, મજુરાગેટ ખાતે યોજાયો હતો.

આ વિશેષ સત્રમાં  ડો. નરેશ ગાબાણી દ્વારા પેનક્રિયાઝ, લીવર, ગેસ્ટ્રોઈન્ટેસ્ટીગ રોબોટીક સર્જરી ઉપર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં તમામ રોટેરીયન મેમ્બરોને ખુબ સારું માર્ગદર્શન પ્રાપ્ત થયું.

**ચેરમેન**

રો. કેતન પટેલ / રો. પંકજ રામોલીયા










# 03 શિક્ષક દેવો ભવઃ

RI District 3060
Rotary
Club Of Surat East




’જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...



**કાર્યક્રમના ચેરમેન**

રો. ભાગવ કથીરીયા । રો. મુકેશ કાનાણી । રો. ચિરાગ રૂપારેલિયા । રો. પંકજ રામોલીયા

**તા. ૦૭/૦૨/૨૦૨૬ ને શનિવાર ના રોજ શ્રી મહારાણી તારાબાઈ પ્રા. શાળા ૧૭૫ ના સારસ્વત શિક્ષીકા શ્રી યોજનાબેન આર. મોરે ને સન્માનિત કરવામાં આવ્યા.**

# 04 સેનેટરી પેડ્સ વિતરણ

Rotary Club Of Surat East




રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા સેનેટરી પેડ્સ વિતરણ કાર્યક્રમનું સફળ આયોજન તા. ૦૯/૦૨/૨૦૨૬, સોમવાર ના રોજ કરવામાં આવ્યું હતું.

તા. ૦૯/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ કલાકે સાધના સોસાયટી, વરાછા રોડ, સુરત મુકામે સેનેટરી પેડ્સ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ રી-યુઝ કાપડના સેનેટરી પેડ્સ નું સંપૂર્ણ સૌજન્ય એસબીઆઈ બેંક દ્વારા આપવામાં આવેલ. આ સ્કુલમાં ૨૦૩ સેનેટરી પેડ્સ વિતરણ ધો. ૯ થી ૧૨ માં કરવામાં આવેલ. જે એક સેનેટરી પેડ્સની કિંમત ૩૦૦/- છે આમ આ પ્રોજેકટની કોસ્ટ રૂા. ૬૦,૯૦૦/- થયેલ.

**ચેરમેન**

**રો. કિર્તી સાવલીયા / રો. વિણા પટેલ**









# 05 સેનેટરી પેડ્સ વિતરણ

RI District 3060
Rotary
Club Of Surat East




રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા સેનેટરી પેડ્સ વિતરણ કાર્યક્રમનું સફળ આયોજન તા. ૧૦/૦૨/૨૦૨૬, મંગળવાર ના રોજ કરવામાં આવ્યું હતું.

તા. ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ કલાકે સુરત ડાયમંડ એસોસીએશન ગર્લ્સ હાઈસ્કુલ, કાપોદ્રા મુકામે સેનેટરી પેડ્સ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ રી-યુઝ કાપડના સેનેટરી પેડ્સ નું સંપૂર્ણ સૌજન્ય એસબીઆઈ બેંક દ્વારા આપવામાં આવેલ. આ સ્કુલમાં ૫૧૦ સેનેટરી પેડ્સ વિતરણ ધો. ૯ થી ૧૨ માં કરવામાં આવેલ. જે એક સેનેટરી પેડ્સની કિંમત ૩૦૦/- છે આમ આ પ્રોજેકટની કોસ્ટ રૂા. ૧,૫૩,૦૦૦/- થયેલ.

**ચેરમેન**

**રો. કિર્તી સાવલીયા / રો. વિણા પટેલ**









# 06 સેનેટરી પેડ્સ વિતરણ

RI District 3060
Rotary
Club Of Surat East




રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા સેનેટરી પેડ્સ વિતરણ કાર્યક્રમનું સફળ આયોજન તા. ૧૦/૦૨/૨૦૨૬, મંગળવાર ના રોજ કરવામાં આવ્યું હતું.

તા. ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ગર્વનમેન્ટ સેકેન્ડરી એન્ડ હાઈ સેકેન્ડરી સ્કુલ નનસાડ, સુરત મુકામે સેનેટરી પેડ્સ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ રી-યુઝ કાપડના સેનેટરી પેડ્સ નું સંપૂર્ણ સૌજન્ય એસબીઆઈ બેંક દ્વારા આપવામાં આવેલ. આ સ્કુલમાં ૨૭૪ સેનેટરી પેડ્સ વિતરણ ધો. ૯ થી ૧૨ માં કરવામાં આવેલ. જે એક સેનેટરી પેડ્સની કિંમત ૩૦૦/- છે આમ આ પ્રોજેક્ટની કોસ્ટ રૂા. ૮૨,૨૦૦/- થયેલ.

**ચેરમેન**

**રો. કિર્તી સાવલીયા / રો. વિણા પટેલ**










# 07 હેલ્થ ચેકઅપ કેમ્પ એન્ડ કપલ સ્પીકર મીટીંગ

RI District 3060
Rotary
Club Of Surat East




રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ એન્ડ કપલ સ્પિકર મીટીંગ કાર્યક્રમનું સફળ આયોજન તા. ૧૬/૦૨/૨૦૨૬, સોમવાર ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ  શેલ્બી હોસ્પીટલ, રાંદેર રોડ, સુરત ખાતે યોજાયો હતો.

આ વિશેષ સત્રમાં ડો. મનીષ શૈની તથા ડો. કેમીલ કનૈયા દ્વારા લીવર એન્ડ ડાયગેસ્ટીવ હેલ્થ તથા જોઈન્ટ એન્ડ બોન હેલ્થ વિશે ખુબ સરસ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં તમામ રોટેરીયન મેમ્બરોને ખુબ સારું માર્ગદર્શન પ્રાપ્ત થયું. આ પ્રોજેકટ ઈનરવ્હીલ કલબ સુરત ઈસ્ટ તેમજ રોટરેકટ કલબ ઓફ સુરત ઈસ્ટ ના સહીયારે કરવામાં આવેલ.

**ચેરમેન**

**રો. લાલજી સભાડીયા**










# 08 शिक्षक देवो भवः

RI District 3060
Rotary
Club Of Surat East

’જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત  દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...






**કાર્યક્રમના ચેરમેન**

રો. ભાગવ કથીરીયા । રો. મુકેશ કાનાણી । રો. ચિરાગ રૂપારેલિયા । રો. પંકજ રામોલીયા

**તા. ૨૧/૦૨/૨૦૨૬ ને શનિવાર ના રોજ શ્રી વિશ્વવેવરૈયા પ્રા. શાળા-૬ અઠવાલાઈન્સના સારસ્વત શિક્ષક શ્રી દિનેશભાઈ જે. આહિરે ને સન્માનિત કરવામાં આવ્યા.**

# 09 ડિસ્ટ્રીકટ ગર્વનર OCV






રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા ડિસ્ટ્રીકટ ગર્વનર ઓફિસયલ કલબ વિઝીટ તેરા તેરા મલ્ટી કઝીન રેસ્ટોરન્ટ, એથમ સર્કલ ખાતે કાર્યક્રમનું સફળ આયોજન તા. ૦૯/૦૨/૨૦૨૬, સોમવાર ના રોજ કરવામાં આવ્યું હતું.

તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ ૩૦૬૦ ડિસ્ટ્રીકટ ના ગર્વનર રો. અમરદીપસીંગ બુનેટ તથા ફર્સ્ટ લેડી કમલજીત કોર બુનેટ રોટીરી કલબ ઓફ સુરત ઈસ્ટની ઓફિસયલ વિઝીટ માટે આવેલ. જેમાં આપણી કલબ દ્વારા બે અલગ અલગ હોસ્પીટલમાં ડાયાલીસીસના મશીનો ચાલે છે ત્યાં ડીજીને વીઝીટ કરાવેલ અને ત્યારબાદ ડિસ્ટ્રીકટ ગર્વનર રો. અમરદીપસીંગ બુનેટ સાથે પ્રેસીડેન્ટ રો. કિરીટ વાંકડી, સેક્રેટરી રો. હિતેશ વેકરીયા, તેમજ પ્રેસીડેન્ટ ઈલેકટ રો. પરેશ ગોંડલીયા, સેક્રેટરી ઈલેકટ રો. વૈજુલ વિરાણી તથા પ્રેસીડેન્ટ નોમિની રો. વિણા પટેલ સાથે રૂબરૂ મુલાકાત કરેલ.

**ચેરમેન**

**રો. નિકુંજ માલવીયા**
**રો. પ્રતિક પાંચાણી**









# 10 ડિસ્ટ્રીક્ટ ગર્વનર સાથે બોર્ડ મિટીંગ

RI District 3060
Rotary
Club Of Surat East




તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ સાંજે ૭:૩૦ કલાકે ૩૦૬૦ ડિસ્ટ્રીક્ટ ના ગર્વનર રો. અમરદીપસીંગ બુનેટ રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટની ઓફિસિયલ વિઝીટ માટે આવેલ. આ પ્રસંગે આસીસટન્ટ ગર્વનરશ્રી રો. સંદિપ નાણાવટી પણ ઉપસ્થીત રહયા હતા ત્યારે બોર્ડ મેમ્બરો સાથે મિટીંગ કરીને વિસ્તૃત ચર્ચા કરેલ.










# 11 शिक्षक देवो भवः

RI District 3060
Rotary
Club Of Surat East

’જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...






**કાર્યક્રમના ચેરમેન**

રો. ભાગવ કથીરીયા । રો. મુકેશ કાનાણી । રો. ચિરાગ રૂપારેલિયા । રો. પંકજ રામોલીયા

**તા. ૨૮/૦૨/૨૦૨૬ ને શનિવાર ના રોજ સીવીલાઈઝ મોડર્ન સ્કુલ નાનાવરાછા ના સારસ્વત શિક્ષક શ્રી અરવિંદભાઈ આર. ચૌહાણ ને સન્માનિત કરવામાં આવ્યા.**

# 12 રોટરી ફ્રેન્ડશીપ એક્ષ્ચેન્જ RFE

RI District 3060
Rotary
Club Of Surat East

રોટરી ફ્રેન્ડશીપ એક્ષેન્જ RFE પ્રોગ્રામ હેઠળ બ્રાઝીલના રોટરી ડિસ્ટ્રીકટ 4710 માંથી 9 રોટેરીયન મિત્રો તા.15/02/2026 ના રોજ રોટરી ડિસ્ટ્રીકટ 3060 ના સુરત ખાતે પધાર્યા હતા. જેમાંથી રો. કાર્લોસ અને તેમના ધર્મપત્ની રો. ફાટીમા ને આપણી ક્લબના પાસ્ટ પ્રેસિડેન્ટશ્રી રો. રમેશ વઘાસીયા એ તેમના ઘેરે હોસ્ટ કર્યા હતા, અને આ મહેમાનશ્રીઓ તેમના ઘરે ચાર દિવસ મહેમાનગતી માણી હતી. આ દિવસો દરમિયાન તેમણે સુરત ખાતે ડાયમંડ મેન્યુ. ફેકટરી, ટેક્ષટાઇલ એન્જી. ફેકટરી, સુરતનો ઐતિહાસીક કિલ્લો વિગેરેની મુલાકાત લીધી હતી અને ભારત દેશ અને સુરત શહેરની આંતરીક બાબતો, આપણું કલ્ચર, રોટરીની એક્ટીવીટીઝ અને પ્રોજેકટસ વિગેરેની વિસ્તૃત માહિતી મેળવી હતી અને તા.18/02/2026 ના રોજ તેમણે સુરતથી વિદાય લીધી હતી. બ્રાઝીલથી પધારેલા મહેમાનશ્રીઓને હોસ્ટ કરવા બદલ રો. રમેશ વઘાસીયાને આપણી ક્લબ દ્વારા આભાર સહ ખુબખુબ અભિનંદન  પાઠવીએ છીએ.



# 13 બર્થ ડે સેલીબ્રેશન

RI District 3060
Rotary
Club Of Surat East

| | |
|---|---|
| 01-02-1983 | Ritesh Gorasiya |
| 02-02-1983 | Hiren Kyada |
| 08-02-1983 | Chirag Rupareliya |
| 09-02-1983 | Babubhai Narola |
| 09-02-1983 | Chhabil Dholariya |
| 11-02-1983 | Pradip Bavasiya |
| 12-02-1983 | Mehul Bhatt |
| 15-02-1983 | Kuntesh Radadiya |
| 18-02-1983 | Rupesh Nakrani |
| 21-02-1983 | Vishal Gajera |










# સેક્રેટરી એનાઉન્સમેન્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

નમસ્કાર રોટેરીયન મિત્રો,

આપ સૌ મિત્રોના સાથ અને સહકારથી ફેબ્રુઆરી મહિનામાં આપણે ખુબ મહત્વના અને સફળ એવા પ્રોજેક્ટ કરી શકયા છીએ તે માટે આપ સૌ રોટેરીયન મિત્રો, તમામ પ્રોજેકટ ચેરમેનશ્રીઓ અને યુનાઇટ બોર્ડ તથા ફેબ્રુઆરી મહિનાના મંથ લીડર રો.જયદીપ ગજેરા તથા મંથના સપોટીવ બોર્ડ મેમ્બરો નો હદયના ઉમળકા થી આભાર વ્યકત કરું છું

મિત્રો માર્ચ માસમાં પાસ્ટ સેકેટરી મંથ લીડર રો.કલ્પેશ બલરની આગેવાનીમાં જે પ્રોજેકટ થવાના છે તેની અંદાજીત તારીખ પ્રોજેકટ હેતુ આપ સૌની જાણ માટે નીચે આપેલ છે જે તમામ પ્રોજેકટમાં આપ સૌ આપને અનુકુળતા મુજબ સાથ સહકાર અને અચુક હાજરી આપીને સંપુર્ણ માર્ચ માસને સફળ બનાવીએ.

### ૧. ફુલફાગ

આપણી કલબ દ્વારા હોળી-ધુલેટી નિમીતે તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ રામવાડી-૨, કેનાલ રોડ, સુરત મુકામેં મ્યુઝીક,મસ્તી તથા ફુલોકી હોળીનુ ભોજન સાથે નુ આયોજન કરેલ છે. જેમા વધુ ને વધુ રોટેરીયન કપલમાં જોડાય તેવી અપેક્ષા.

### ૨. વર્લ્ડ વુમન ડે નીમીતે વુમન સ્પીકર મીટીંગ

આપણી કબલ દ્વારા તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ વર્લ્ડ વુમન ડે નીમીતે પી પી માણીયા હોસ્પીટલ, કાપોદ્રા, સુરતમાં ફકત મહીલાઓ માટે જમવા સાથેની સ્પીકર મીટીગનુ આયોજન કરેલ છે. જે પ્રોગ્રામ રોટરેકટ કલબ ઓફ સુરત સાથે સયુંકત રીતે ફકત મહિલાઓ માટે છે.

### ૩. શિક્ષક દેવો ભવ:

આપણી કલબનો પરમીનેન્ટ પ્રોજેકટ એટલે શીક્ષક દેવો ભવ: જે પ્રોગામમાં એક શિક્ષકનુ સન્માન થાય છે જે અગામી તા.૦૭/૦૩/૨૦૨૬, તા.૧૪/૦૩/૨૦૨૬, તા.૨૧/૦૩/૨૦૨૬, તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ આયોજીત થવાનુ છે જેમાં વધુ માં વધુ રોટેરીયન જોડાય તેવી અપેક્ષા.

### ૪. બલ્ડ ડોનેશન કેમ્પ વીઝ ચેક અપ કેમ્પ

રોટરી કલબ ઓફ સુરત ઇસ્ટ અને રોટરેકટ કલબ ઓફ સુરત ઇસ્ટ દ્વારા મેગા બલ્ડ ડોનેશન કેમ્પ સ્વામી આત્માનંદ સરસ્વતી વિધાસંકુલ, ધારૂકા કોલેજ, કાપોદ્રા મુકામે આયોજીત કરેલ છે આ કેમ્પમાં રોટરી મેમ્બરોને વિનતી છે કે તેઓના સગા-સંબધી, મિત્રો તથા સોસાયટીના સભ્યોને બલ્ડ ડોનેશન માટે લાવે ને વધુમાં વધુ બલ્ડ ડોનેશન થાય તેવી અપીલ.

### ૫. ડિસ્ટ્રીકટ સ્પોર્ટસ ઇવેન્ટ

તા.૨૦/૨૧/૨૨ માર્ચ ૨૦૨૬ ના રોજ ભરૂચ મુકામે અલગ અલગ સ્પોર્ટસનો પ્રોગ્રામનુ આયોજન ડિસ્ટ્રીકટ દ્વારા કરવામાં આવેલ છે. જેમા આપણી કલબ માંથી ૧૩ મેમ્બરોએ ભાગ લીધેલ છે.

### ૬. રોટરી સંજીવની પ્રીમીયગ લીગ-૩.૦

રોટરી કલબ ઓફ સુરત ઇસ્ટ છેલ્લા ૨ વર્ષ થી રોટરી સંજીવની પ્રીમીયગ લીગ અંતર્ગત ક્રિકેટ ટુનામેન્ટનુ સફળ આયોજન કરતી આવેલ છે આ વર્ષ રોટરી સંજીવની પ્રીમીયગ લીગ-૩ નુ આયોજન કરેલ છે જેનુ ઓકક્ષન થવાનુ છે જેની તમામ વિગતો જાહેર કરવામાં આવશે.



**આપનો સાથી..**

**રો. હિતેશ વેકરીયા**

**કલબ સેક્રેટરી રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ**

# MEDIA NOTE

RI District 3060
Rotary
Club Of Surat East



Reg. No :GUJGUJ18253
મોતિશ્રી ટાઈમ્સ
MT BREAKING NEWS સોશિયલ મીડિયા આવૃત્તિ
motishreetimes@gmail.com
Follow us on :
તંત્રી : દેવેન્દ્રસિંહ ગોહિલ
સહતંત્રી : કાર્તિકભાઈ ગામોઠ
તા:14/2/2026
9426941193
9925626273

## ૬૬માં શિક્ષક દેવો ભવઃ એવોર્ડ થી સન્માનિત સારસ્વત શિક્ષિકા શ્રીમતી યોજનાબેન આર. મોરે



Reg. No :GUJGUJ18253
મોતિશ્રી ટાઈમ્સ
MT BREAKING NEWS સોશિયલ મીડિયા આવૃત્તિ
motishreetimes@gmail.com
Follow us on :
તંત્રી : દેવેન્દ્રસિંહ ગોહિલ
સહતંત્રી : કાર્તિકભાઈ ગામોઠ
તા:18/2/2026
9426941193
9925626273

## રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા "સ્વાસ્થ્ય એ આપણી સૌથી મોટી સંપત્તિ છે!" ધ્યાનમાં લઈને લીવર અને હાડકાની સંભાળ અંગે મહત્વપૂર્ણ આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન



## શિક્ષણના ૨૭ સુવર્ણ વર્ષ હજારો વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકાશ પાથરનાર આદર્શ શિક્ષક દિનેશભાઈ આહિરેનો ગૌરવસભર જાહેર સન્માન

પ્રજા પંચ સચીન -૨૧/૦૨/૨૦૨૬ :શિક્ષણ એ માત્ર વ્યવસાય નથી, એ સંસ્કાર અને સમર્પણનો યજ્ઞ છે. ...



કિષ્ના ન્યુઝ નેટવર્કનું
ઈન્ડિયા હાઈલાઈટ
INDIA HIGHLIGHT NEWSPAPER
Since 2002
પી-નવુમાર પટેલ-તંત્રી મો.9228407101

## ૬૬માં શિક્ષક દેવો ભવઃ એવોર્ડ થી સન્માનિત સારસ્વત શિક્ષિકા શ્રીમતી યોજનાબેન આર. મોરે



કિષ્ના ન્યુઝ નેટવર્કનું
ઈન્ડિયા હાઈલાઈટ
INDIA HIGHLIGHT NEWSPAPER
Since 2002
પી-નવુમાર પટેલ-તંત્રી મો.9228407101

## RUN FOR LITERACY - MARATHON 2026" તથા "SAY NO TO DRUGS" ના સંદેશ સાથે રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ અને રોટરેક્ટ કલબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા ભવ્ય મેરેથોન દોડનું આયોજન થયું

માવાણી, સામાજિક અગ્રણી શ્રી કાનજીભાઈ ભાલાળા, તેમજ રોટરેક્ટ ડિસ્ટ્રિક્ટ 3060 ના DRR રો. રુચિત મહેતા અને DRRE રો. ભાવ્યા શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



FEBRUARY MONTH SUPPORTIVE BOD

UNITE FOR GOOD | RI District 3060 Rotary Surat East | Team Achievers

# THE FOUR WAY TEST

THE FOUR WAY TEST OF THE THINGS WE THINK, SAY OR DO

વાણી, વિચાર અને વર્તનની ચતુર્વિધ કસોટી

1) Is it the truth?

શું તે સત્ય છે?

2) Is it fair to all concerned?

શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે ઉચિત છે?

3) Will it build goodwill and better friendship?

શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે?

4) Will it be beneficial to all concerned?

શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે લાભદાયી નીવડશે?

+91 97145 25888

rotarysurateast@gmail.com

Rotary Club Of Surat East

rotary_club_of_surat_east

rotarysurateast